આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૩૦-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## PM-રોજગાર મેળો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સરકારે આત્મનિર્ભર ભારત માટે નોંધપાત્ર કામગીરી કરી છે અને અવકાશથી માંડીને ઇલેક્ટ્રિક વ્હિકલ સુધીની નવી ટેકનોલોજી સહિતનાં તમામ ક્ષેત્રોમાં મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપ્યું છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનોને **51** હજારથી વધુ નિમણૂક પત્રોનાં વિતરણ દરમિયાન આ પ્રમાણે જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકારે પ્રાઇમ મિનિસ્ટ્સ ઇન્ટર્નશિપ સ્કીમ હેઠળ ભારતની 500 કંપનીઓમાં યુવાનોને સવેતન ઇન્ટર્નશિપ પૂરી પાડવાની પહેલ હાથ ધરી છે.

દેશભરમાં 40 સ્થળોએ રોજગાર મેળો યોજવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારમાં જોડાયેલા નવનિયુક્ત કર્મચારીઓને કર્મયોગી પ્રારંભ દ્વારા પાયાની તાલીમ મેળવવાની તક મળશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

## PM-ગુજરાત મુલાકાતે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુજરાતની મુલાકાતે આવશે. આજે સાંજે તેઓ એકતા નગર, કેવડિયા ખાતે 280 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યના વિવિધ માળખાકીય અને વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.**

**અને આવતીકાલે 31મી ઑક્ટોબરે, સવારે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે અને સ્ટેચ્યુ ઑફ યુનિટી પર પુષ્પાંજલિ અર્પણ કરશે.**

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

------------------------------------------------------------------------

# રન ફોર યુનિટીનો પ્રારંભ

કેન્દ્ર સરકારે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે. આ પ્રસંગે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગઈકાલથી 'રન ફોર યુનિટી'નો પ્રારંભ થયો છે. અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 'રન ફોર યુનિટી'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

દરમ્યાન આવતીકાલે  સવારે ભુજ ખાતે લેવા પટેલ સમાજ દ્વારા એકતા પદ યાત્રા યોજાશે.જેમાં સૌ કોઈને જોડાવા  અનુરોધ કરવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ/NP)**

------------------------------------------------------------------------

# અયોધ્યા દિપોત્સવ

રામનગરી અયોધ્યામાં આ વર્ષે ભવ્ય દિપોત્સવ યોજાશે, જ્યાં નગરનાં વિવિધ ઘાટ પર દિવા પ્રગટાવવાના અગાઉનાં તમામ વિક્રમ તૂટશે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણ બાદ આ પ્રથમ દિવાળી ઉજવવામાં આવી રહી છે.

પવિત્ર સરયુ નદીનાં વિવિધ ઘાટ પર કુલ 28 લાખ દીવાઓ ગોઠવવામાં આવ્યા છે, જે વિશ્વ વિક્રમ બનશે. સમગ્ર અયોધ્યા 35 લાખથી વધુ દીવાઓથી ઝળહળી ઉઠશે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

------------------------------------------------------------------------

## દિવાળીમાં ફટાકડા બાબતે જાહેરનામું

દીપોત્સવી તહેવારોને લઇને ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને, લોકોને અગવડ ન પડે તે માટે કચ્છમાં 7 મી નવેમ્બર સુધી રાત્રિના 8 થી 10 વાગ્યા સુધી જ ફટાકડા ફોડવા જીલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. સિરીઝમાં જોડાયેલા ફટાકડા થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોઇ તે રાખી શકાશે નહીં કે, ફોડી શકાશે નહીં કે, વેચાણ કરી શકાશે નહીં.

જિલ્લાની બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ પંપ, એલ.પી.જી, બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ સહિત સળગી ઉઠે તેવા પદાર્થોના સંગ્રહના ગોદામો, હવાઇ મથકો નજીક ફટાકડા ફોડી શકાશે નહીં. ચાઇનીઝ તુક્કલ, આતશબાજ બલૂનનું ઉત્પાદન, વેચાણ કરી શકાશે નહીં કે, કોઇપણ સ્થળે ઉડાડી શકાશે નહીં.

જિલ્લાની હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની 100 મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન ગણવામાં આવશે અને આ વિસ્તારમાં પણ ફટાકડા ફોડી શકાશે નહીં.

**(માહિતી ખાતુ/શીતલ વૈશ્નવ)**

---

## કાળી ચૌદશની ઉજવણી

દીપાવલીનાં પંચ પર્વનાં બીજા સોપાન કાળી ચૌદસની આજે ઉજવણી થઈ રહી છે. કાળી ચૌદસને રૂપ ચતુર્દશી કે નરક ચતુર્દશી પણ કહેવાય છે. આજે કાલી માતાનાં પૂજનનો મહિમા છે. તો શ્રીકૃષ્ણ અને હનુમાનજીની પૂજાનું પણ માહાત્મ્ય છે. ભુજ અને જિલ્લાનાં વિવિધ મંદિરોમાં અને ભુજનાં પરદાભિટ હનુમાન મંદિરમાં વિશેષ પૂજા અર્ચના થાય છે. દરમ્યાન ભુજ અને અન્ય શહેરોમાં આજે સતત બીજા દિવસે મંગળા આરતી થી વાતાવરણ ગુંજતું રહ્યું છે.

પરંપરા ગત રીતે મંગળા આરતી પછી હમીરસરને કિનારે આતશબાજી ફોડવામાં આવે છે મોડે થી  બજારોમાં ખરીદી માટે ભીડ જામશે.

**(ચંદ્રવદન પટ્ટણી/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

# મેકરણ દાદાની નિર્વાણતિથિ

**કચ્છના રણમાં માર્ગ ભૂલેલા લોકોને રાહ દેખાડી અનેરી સેવા કરનારા કચ્છના સંત અને કોમી એક્તાના પ્રતિક એવા મેકરણદાદાની આજે કાળી ચૌદસે નિર્વાણતિથિ છે. તેઓ 12 વર્ષના થયા ત્યારે જ ઘર છોડીને ચાલી નીકળ્યા હતા.**

ભચાઉ તાલુકાના જંગી ગામે આવીને જીનામના નામથી ધુણાની સ્થાપના કરી. અહીં અન્નક્ષેત્ર ચાલુ કરી 12 વર્ષ સુધી રોકાણ કર્યું. દાદા મેકરણના હાથે બનાવેલી મૂર્તિ આજે પણ જંગીના અખાડામાં મોજુદ છે. સવંત 1786 આસો વદ કાળી ચૌદસના તેમણે સમાધિ લીધી.

**(NP/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------